# આજે વિશ્વ ચકલી દિવસ : લુપ્ત થતી પ્રજાતિને બચાવી લઈએ

## ઈન્ટરનેટ અને મોબાઈલ ટીવીના ઓડિયો-વિડીયો તરંગોના ઈલેક્ટ્રોમેગ્નેટીક રેડીયશને પણ ચકલીના ઘટાડામાં કોઈ કસર છોડી નથી.

ગાંધી.તા.૧૯

"તારો વૈભવ રંગમહેલ, નોકર ચાકરનું ધાડું, મારા ફળિયે ચકલી બેસે એ મારું રજવાડું." ચકલીઓ પ્રત્યે પ્રેમ પ્રદર્શિત કરતી આ લાઈન પ્રખ્યાત કવિ રમેશ પારેખની છે.

આજના આધુનિક યુગમાં ઘર આંગણે ચી..ચી..કરતી ચકલી હાલ તેના અસ્તિત્વ માટે ઝઝુમી રહી છે. ચકલીની પ્રજાતિની સંખ્યામાં દિવસેને દિવસે ઘટાડો થઈ રહ્યો છે. જે ચિંતાનો વિષય બન્યો છે. હવેના સમયમાં જો ચકલીને બચાવવાના પ્રયાસો નહિ કરીએ તો ભાવિ પેઢીને માત્ર પાઠયપુસ્તકોમાં જોવા મળે તો નવાઈ નહિ.

પહેલા ઘર નળિયા તથા છાપરા, દિવાલ ઘડીયાલ અને ફોટો છબી પાછળ પણ માળા બાંધતી હતી. હવે નવા મકાનો છતવાળા થઈ જતા ચકલીઓ માળો બાંધી શકતી નથી. ચકલીઓનો ચીં..ચીં..અવાજ પણ હવે ઓછો સંભળાય છે. હવે લુપ્ત થવાની કગાર પર આવી પહોચી છે. ત્યારે હવે ચકલીઓને બચાવવી ખુબ જ જરૂરી છે.

માનવી અને ચકલી જ્યારથી એકબીજાના સંપર્કમાં આવ્યા ત્યારથી લઈને અત્યારસુધી માનવી સાથે રહેવા ટેવાયેલી છે. પરંતુ ચકલીના સ્વભાવ સામે મનુષ્યનો સ્વભાવ આજે બદલાઈ ગયો છે. અને એટલા જ માટે લુપ્ત થતી ચકલીઓને બચાવવી હવે જરૂરી છે.

શહેરમાં ફક્ત ચકલીઓ જ નહીં પરંતુ કોયલનો મધુર અવાજ, કાગડા, પોપટ જેવા પક્ષીઓની પણ સંખ્યા ઘટી રહી છે. તેઓનું અસ્તિત્વ જોખમાતુ જાય છે.

હાલની શહેરીકરણની પરિસ્થિતી જોતા ચકલીને બચ્ચાના ઉછેરમાં ખુબ જ વિક્ષેપ પડે છે. પાછુ કુદરતે એમને માળો બાંધવાની કુદરતી બક્ષીસથી પણ વંચિત રાખ્યા છે. જેથી, હવે દરેક માનવી પોતાના ઘરે અનુકુળતા પ્રમાણે, ઘરમાં અમારા માટે માળાની વ્યવસ્થા કરે એ લાકડાનું હોય કે પછી માટીનું પણ આ અમારી દુઃખ દર્દ ભરી અપીલ છે. એવું હવે ચકલીઓ આપણને કહી રહી છે.





સુરક્ષા મળે એ હેતુથી ઘર આંગણે દરેક લોકોએ ચકલી માટે માળા બનાવવા જોઈએ અથવા તો રૂપકડા ચકલી ઘરોમાં ચકલીઓ માળો બાંધે છે. ઈંડા મુકે છે અને બચ્ચા ઉછેર કરી શકે છે. વરસાદ તડકા છાંયડામાં ઘરને નુકશાન ન થાય તેમજ બિલાડી કે અન્ય પક્ષીઓ તેમાં ઈંડા-બચ્ચાને નુકશાન ન પહોંચાડી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

ચકલીની ચીચી હવે ફરી લોકોના ઘરમાં ચી..ચી..નો અવાજ સાંભળવા મળે તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આવનારી પેઢીને આપણે વારસામાં આપવું જ હોય તો વન્યજીવન અને પર્યાવરણની શીખ આપવાની જરૂર છે. જો આવું નહિ કરીએ તો આવનારા સમયમાં આ વન્યજીવો માત્ર ફોટા અને પાઠયપુસ્તકોમાં પુરતા જ રહી જશે. તો આવો સાથે મળીને આ વન્યસંપદા અને ચકલી બચાવવાનો એક પ્રયાસ કરીએ.

### ચકલીઓ ઘટવાનું કારણ...

**ચકલીઓની સંખ્યામાં ઝડપથી થઈ રહેલ ઘટાડા પાછળ માળો બાંધવાની જગ્યાનો અભાવ, ખોરાકની ઉપલબ્ધતામાં ઘટાડો, ખેત ઉત્પાદનો ઉપર રહેલ ઝેરી રસાયણોનો છંટકાવ, બ્રીડીંગ ઓપર્ચ્યુનીટીમાં ઘટાડો સહિતના કારણો ચકલીઓની ઘટતી જતી સાંખ્યામાં જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે. આડેધડ ઝાડવાઓનું નિકંદન અને શહેરી વિસ્તારનો ઝડપથી વ્યાપ વધવાને કારણે ફ્રેન્ડલી નેબરહૂડ કહી શકાય તેવી ચકલીઓના અસ્તિત્વ સામે ખતરો તોળાઈ રહ્યો છે. ઈન્ટરનેટ અને મોબાઈલ ટીવીના ઓડિયો-વિડીયો તરંગોના ઈલેક્ટ્રોમેગ્નેટીક રેડીયશને પણ ચકલીના ઘટાડામાં કોઈ કસર છોડી નથી.**

### ચકલીઓને બચાવવા આટલું કરીએઃ

- **‘નેસ્ટ હાઉસ’ બનાવીએ અને ઘરે લગાવીએ અને ચકલાંને ફરીથી ઘર નજીક વસાવીએ.**
- **ચકલાં માટે ઘરની અગાસી, બાલ્કની કે ફળીયામાં પાણીનું કૂંડું અને થોડો ખોરાક જેમકે બાજરી, ચોખાની કણકી, રોટલીના ટૂકડા, ભાત વગેરે અચૂક મુકીએ.**
- **દેશી અને ફળાઉ વૃક્ષો વાવીએ.**
- **ખેતર-બગીચામાં કુદરતી વાડ કરીએ. દેખાવમાં સુંદર પરંતુ વાસ્તવમાં બિનઉપયોગી છોડની બદલે પક્ષીઓને ઉપયોગી હોય તેવા ફૂલ-છોડ રોપીએ.**
- **બાળકોમાં નાનપણથી કુદરત પ્રત્યે લગાવ રોપીએ.**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**પ્રભુ તપ એટલા માટે કર્યું કે, અમારે શિખંડ ખાવો કે ગરમ ગરમ રાબ પીવી કે છત્રી લઈને ગોટાની લારીએ જવું....??**

# સરઢવની સીમમાંથી ગેસ ચોરીના કૌભાંડમાં ત્રણ ઝડપાયા : ૧.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૯

સરઢવ ગામની સીમમાં ખેતરમાં ચાલી રહેલા કોમર્શિયલ ગેસ રીફીલીંગના કૌંભાડનો પર્દાફાશ એલસીબી પોલીસે કર્યો છે. પોલીસે સ્થળ પરથી ૨૮ ગેસના બાટલા, પીકઅપ ડાલુ, રીફીલીંગના સાધનો મળી કુલ રૂ.૧.૬૮ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પોલીસની ટીમ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે સરઢવ ગામની નજીક ખેતરમાં ઓરડીની આડમાં કેટલાક શખ્સો એચપીસીએલ કંપનીમાંથી આઈશર ગાડીમાં કોમર્શિયલ એલપીજી ગેસ ભરી બલોલ, બહુચરાજી ખાતેના સીરામીકસ પ્લાન્ટમાં ખાલી કરવા જતા માર્ગમાં કોમર્શિયલ સિલિન્ડરોમાં રીફીલીંગ કરી ગેસની ચોરી કરી રહ્યા છે. જે બાતમીને પગલે એલસીબીની ટીમે ખેતરમાં દરોડો પાડતા ત્રણ શખ્સો એલપીજી ગેસના બાટલામાંથી અન્ય સિલિન્ડરમાં રીફીલીંગ કરી ગેસની ચોરી કરતા રંગેહાથ ઝડપાયા હતા. આ અંગે પીઆઈ વાળાએ જણાવ્યું હતું કે આઈસર ગાડીનો ડ્રાઈવર દયાલ રાધુભાઈ ઠાકોર (રહે.સરઢવ) તેના માલિકની જાણ બહાર કલોલથી પીકઅપ ડાલુ લઈને વિજયકુમાર હીરાજી રાઠોડ (રહે. આઝાદનગર કલોલ રેલ્વે પૂર્વર ), તેમજ સંજય માનસંગજી રાઠોડ (રહે. રામનગર સોસાયટી રેલ્વે પૂર્વ)ને બોલાવ્યા હતા. આ ત્રણેય શખ્સો એચપીસીએલ કંપનીના ગેસના ૪૨૫ કિગ્રા. કેપીસીટીવાળા ફુલ ગેસ ભરેલ ૧૦ બોટલમાંથી નોઝલ થકી નાની ૧૯ કિ.ગ્રા.ના સિલિન્ડરોમાં રીફીલીંગ કરી ગેસની ચોરી કરતા હતા. આર્થિક ફાયદા માટે આ કોમર્શિયલ ગેસના બાટલાઓમાંથી થોડો થોડો ગેસ અન્ય સિલિન્ડરોમાં ભરી લેતા હતા.

સામાન્ય રીતે ફુલ ભરેલા બાટલાનું વજન કોઈ કરતા નથી. જેથી અંદર થી સામાન્ય ગેસ ચોરી લેવામાં આવ્યો હોવાનો ખ્લાલ આવતો ન હતો. આ આરોપીઓ પાસેથી



૧૯ કિગ્રા. કેપેસીટીવાળા એલપીજી ભરેલા ૨૪ બાટલા, પીકઅપ ડાલુ, એક ઈલેકટ્રીક વજન કાંટો, ત્રણ મોબાઈલ, ૧૯કિ.ગ્રા. ખાલી ત્રણ બાટલા, તેમજ ૧૪ કિ.ગ્રા.નો એક સિલિન્ડર તેમજ બે નોઝલ મળી રૂ.૧.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

# કૈલાસ ધામ પાસે અજાણ્યા બાઈક ચાલકની ટક્કરે મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૯

પેથાપુર-વિજાપુર હાઈ વે રોડ પર કૈલાસ ધામ વૃધ્ધાશ્રમ નજીક ગઈકાલે મોડીસાંજે અજાણ્યા બાઈક ચાલકે પોતાનું બાઈક રોકેટ ગતિએ હંકારી રાહદારી મહિલાને ટકકર મારીને નાસી ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયુ હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર કૈલાસધામ નજીક સી.કે.પટેલના ફાર્મ ના ખેતરમાં રહેતા શૈલીબેન મચ્છાર ખેતરમાં ઘઉની કાંપણી કરી મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ત્રણ સંતાન પૈકી પંકજ રાજસ્થાનની રીન્કલ સાથે સાત વર્ષ અગાઉ પ્રેમલગ્ન કર્યા હતા.ગતરોજ બપોરના સમયે બે દિકરા વતન દાહોદ ખાતે ગયા હતા. જયારે શૈલીબેન તેમની બે પુત્રવધુ કમળાબેન અને રીંન્કલ સહિત અન્ય શ્રમિકો ફતેપુરા પલભાઈ ઠાકોરના ખેતરમાં ઘઉં વાઢવા માટે ગયા હતા. ત્યારે ઢળતી સાંજના સાડા ચાર વાગે અચાનક વરસાદ વરસતા બધા શ્રમિકો ખેતરમાથી નીકળી પોતાના પથારા તરફ ગયા હતા.

જો કે વરસાદ વધુ પડતો હોવાથી કૈલાસ ધામ પાસે આવેલા મહાકાળી પાન પાર્લર પાસે બેસી સવારના પડેલા રોટલા ખાઈ રહ્યા હતા. તે દરમિયાન રીંન્કલ ખેતરમાં પડેલા ગોદડા લેવા માટે ગઈ હતી. ગોદડાનો થેલો ભરીને રોડ ક્રોસ કરી રહી હતી. તે સમયે અચાનક એક બાઈક ચાલક રીન્કલને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. જેથી રીંન્કલ માર્ગ પર પટકાઈ હતી. આ જોઈ તમામ શ્રમિકો તેની પાસે આવી ગયા હતા. અકસ્માતમાં રીંન્કલને ગંભીર ઈજા પહોંચતા બેભાન અવસ્થામાં હોય તેવી થઈ ગઈ હતી.

જેથી ૧૦૮ ને કોલ કરતા ડોકટરે આવીને તપાસ કરતા રીન્કલને મરણ જાહેર કરી હતી. જયારે કોઈએ બાઈકનો ફોટો પાડી દીધો હોવાથી જી.જે.૦૯.ડી.ઈ-૪૪૨૦ આ નંબરનો ચાલક ટક્કર મારી નાસી ગયો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરના વૃધ્ધાનું ઈન્ટ્રા- ડે મેનેજમેન્ટમાં રોકાણના નામે બે શખ્સોએ રૂ.૮૫ લાખનું ફુલેકુ ફેરવ્યું

## ગઠીયાઓએ ૨૦૨૦માં રૂ. ૫૦૦ ના સ્ટેમ્પ પેપર નોટરી કરી રૂ.૨૦ લાખ ચુકવી આપવાની તેમજ બાકીના રૂપીયા ચેક દ્વારા આપવાની ખાતરી આપી હતી

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગરના વૃધ્ધાને ઈન્ટ્રા ડે મેનેજમેન્ટ માર્કેટમાં રોકાણ કરાવી બે ઈશમોએ રૂ.૮૫ લાખનો ચુનો ચોપડ્યો છે. વડીલે બે શખ્સો સામે પોલીસ મથકે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ઉવારસદ વૃંદાવન બંગ્લોઝ ખાતે રહેતા હરીબાલા જીવાભાઈ ગોહિલ આરોગ્ય વિભાગમાં લેબ ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા હતા.જયારે તેઓ અડાલજ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે થી વય નિવૃત થયા હતા. દાદા ભગવાનના જ્ઞાન વિધી હોવાથી દાદા ભગવાનના ત્રિ મંદિર ખાતે સત્સંગમાં જતા હતા. બિપિનભાઈ પંડ્યા દ્વારા હિતેશ પ્રવિણભાઈ ચૌધરી તેમજ જય રામ રત્ના (ચંદ્રઠીયા) સાથે સંપર્ક થયો હતો. હિતેશ ચૌધરી ઈન્ટ્રા ડે મેનેજમેન્ટ માર્કેટનો ટીમ લીડર તરીકે કામ કરતો હોવાનુ કહેવામાં આવ્યું હતું. જેમાં વૃધ્ધાના કેર ટેકર હિતેશ પંચાલે રૂ.૩૫ હજારનું રોકાણ કર્યુ હતું. જેની સામે રૂ.૧.૧૩ લાખ મળ્યા હતા. આ વાત જાણીને વૃધ્ધાએ સપ્ટેમ્બર ૨૦૧૮માં રૂપીયા ૬૭.૮૯ લાખ તબક્કાવાર રોકાણ કર્યા હતા. પરંતુ સમય થઈ ગયો હોવા છતા વળતર નહી મળતા વૃધ્ધાએ ઉઘરાણી શરુ કરી હતી. હિતેશ ચૌધરીએ ઓનલાઈન તેમના એકાઉન્ટમાં રૂ. ૫૬ લાખની કિંમતના ૮૦ હજાર ડોલર બિઝનેસ કોઈન સ્વરુપે ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ બિઝનેસ કોઈન હોવાથી વૃધ્ધા તેને ઉપાડી શકતા ન હતા. વૃધ્ધાએ પોતાના રૂપીયા અંગે મહિલા આયોગમાં પણ ફરીયાદ કરતા હિતેશ ચૌધરી અને જય ચંદ્રઠીયાએ જુલાઈ ૨૦૨૦માં રૂ. ૫૦૦ ના સ્ટેમ્પ પેપર નોટરી કરી રૂ.૨૦ લાખ ચુકવી આપવાની તેમજ બાકીના રૂપીયા ચેક દ્વારા આપવાની ખાતરી આપી હતી. તેમ છતા એક વર્ષ સુધી તેમને પૈસા આપ્યા ન હતા. બીજીતરફ અડાલજ ત્રિ મંદિરના સત્સંગી પાસે પણ વૃધ્ધાએ રોકાણ કરાવ્યું હતું. ઉપરાંત વૃધ્ધાના દિકરાએ પણ પૈસાનું રોકાણ કર્યુ હતું. જેથી પૈસાની કડક ઉઘરાણી કરતા હિતેશ ચૌધરીએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. આખરે વૃધ્ધાએ પૈસા પરત ન આપતા બે શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# નાટક સજાવટના સામાનની આડમાં વિદેશી દારૂની ૪૮ બોટલ ઝડપાઈ

## પોલીસે ૪૫ હજારનો દારૂ, મોબાઈલ ફોન, ટેમ્પો મળી કુલ રૂપિયા ૭.૪૬ લાખના મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર,તા.૧૯

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી આઈશર ટ્રકમાંથી વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ છે. પોલીસે આઈશર ટ્રકમાંથી નાટક કંપનીના સજાવટ ના સામાનની આડમાં રૂ.૪૫,૬૦૦ ની કિમતનો વિદેશી દારૂના જથ્થા સાથે હેરાફેરી કરતા મુંબાઈના ચાર શખ્સોને પકડી પાડી કુલ રૂ.૭.૪૬ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જો કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર આગમન હોટલ સામે હાઈ વે રોડ પર ચિલોડા પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી.તે સમયે હિંમતનગર તરફથી એક બંધ બોડીનું આઈશર આવતા તેને ઈશારો કરી સાઈડમાં ઉભુ રખાવ્યું હતું. આઈશરના કેબીનમાં ડ્રાઈવર સહિત ચાર શખ્સો બેઠા હતા. પોલીસે તેમના નામઠામ પુછતા રામપ્રકાશ ભરત યાદવ(રહે. જય જવાન સ્ટોર, એસી માર્કેટ, તાડદેવ તુલસીવાડી મુંબઈ) સલીમ તસલીમ ખાન (રહે.અગરી પાડાઘસ ગલી રંગમંચ સેટીંગ સર્વિસ મુંબઈ) જમીલ અબ્દુલ અજીજ ખાન ગુલામ હાશીમ ગુલામ સાદીક (બંન્ને રહે અગરી પાડા ઘાસ ગલી રંગમંચ સેટીંગ સર્વિસ મુંબઈ) હોવાનું જણાવ્યું હતું. આઈશર ટ્રકમાં રહેલા સામાન વિશે પોલીસે પુછપરછ શરુ કરતા તેઓએ નાટક કંપનીનો સજાવટનો સામાન ભર્યો હોવાનું જણાવ્યું હતું. જો કે પોલીસે લાલ આંખ કરતા તેમના હોશકોશ ઉડી ગયા હતા. જેથી પોલીસને શંકાસ્પદ ચીજવસ્તુ હોવાની જાણ થઈ ગઈ હતી. નાટક કંપનીનો સામાન એક પછી એક હટાવીને જોતા વિદેશી દારૂની ચાર પેટી મળી આવી હતી. જેમાં દારૂની ૪૮ બોટલ હતી. દારૂની બોટલ અંગે કડક પુછપરછ કરતા તેઓએ યોગ્ય ઉત્તર આપ્યો ન હતો. જેથી પોલીસે ચારેયની ધરપકડ કરી રૂ.૪૫ હજારનો દારૂ, મોબાઈલ ફોન, અને ટેમ્પો મળી કુલ રૂ.૭.૪૬ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક પાણીના કુંડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૯

“પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ, ગાંધીનગર” દ્વારા ૨૦ માર્ચ-૨૦૨૩, વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે નિઃશુલ્ક પાણીના કુંડાનું વિતરણ સે. ૧૭/૨૨ માઈક્રો શોપીંગ સેન્ટર, જૈન દેરાસર સામે બપોરે ૩ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. આ સેવાકાર્યમાં ગાંધીનગરની સૌ જનતાને ભાગ લેવા માટે ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યુ છે. આ સેવાકાર્ય માટે અમીત ગૌંડ મો.૮૪૦૧૪૮૮૫૮૮, વિવેક પરમાર ૯૮૯૮૮૨૫૬૨૧, તેજસ ગામીત ૭૮૭૪૦૦૮૭૮૮નો સંપર્ક કરવા જણાવ્યુ હતું.

# ઉનાવા તરપોજ વાસમાંથી જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

## રોકડ તેમજ બે મોબાઈલ મળી રૂ.૨૪,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગરના ઉનાવા તરપોજવાસમાં ચામુંડા માતાના મંદિર પાછળ મકાનમાં જુગાર રમી રહેલા ૫ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૪,૧૦૦ તેમજ ૨ મોબાઈલ ફોન કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૨૪, ૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ઉનાવા ગામના તરપોજવાસમાં ચામુંડા માતાજીના મંદિર પાછળ રહેતા મંગાજી ધુળાજી ઠાકોર જુગારીઓને એકઠા કરી જુગાર રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર રેઈડ કરી ઘરમાં કુંડાળુ વળી જુગાર રમી રહેલા શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી.

પોલીસે જુગારીઓને નામ પુછતા દશરથજી શનાજી ઠાકોર, રણછોડજી ચંદુજી ઠાકોર, જયેશભાઈ વિક્રમજી ઠાકોર, લાલાજી મંગાજી ઠાકોર અને મંગાજી ધુળાજી ઠાકોર (તમામ રહે. ઉનાવા ગામ તરપોજવાસ) હોવાનું જણાવ્યું હતું. પોલીસને દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૪,૧૦૦ તેમજ બે મોબાઈલ ફોન કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૧૪,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગઈકાલે થયેલા વરસાદ પછી આજે ઉકળાટની સાથે ગરમીનો પારો પણ વધતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- સે. ૭માં લગાવેલી સોલાર લાઈટો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડી છે. ફરિયાદો મનપાને કરાયા પછી પણ ઉકેલ ન આવતા વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.
- ગાંધીનગર શહેરમાં આગામી ૩૦મીએ નિવૃત્ત નાયબ માહિતી નિયામક નટુભાઈ પરમારના વધુ એક પુસ્તકનું વિમોચન યોજાયુ છે.
- ગાંધીનગર અમદાવાદની બસો નિયમિત બને અને સેક્ટરોના પ્રવાસીઓને લાભ મળે તેવી માંગ ઉઠી છે.
- બોરીજ નજીક એક અજાણ્યા વાહનચાલકે એક યુવકને ટક્કર મારતાં યુવકનું મોત થયુ છે.
- ગાંધીનગરના ઉનાવા ગામેથી પોલીસે પાંચ શકુનીઓને ઝડપી લીધા છે.
- પેથાપુરની મહિલાનું અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં મોત થયાની ઘટના નોંધાઈ છે.
- ચંદ્રાલા ગામે આઈસર ટેમ્પોમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો.
- ડભોડામાં મહિલા આયોગ અને આઈસીડીએસના સંયુક્ત ઉપક્રમે નારી સંમેલન યોજાયુ હતુ.
- માણસામાં સામાન્ય બાબતે ૩ શખ્સોએ એક યુવાન પર લાકડીથી હુમલો કર્યાની ઘટના નોંધાઈ છે.
- કલોલના નાસ્મેદ ગામના ટ્યુબવેલ પરથી ઈલે. મોટરના કેબલ વાયરની ઉઠાંતરી થયાની ફરિયાદ નોંધાઈ છે.
- ગાંધીનગરમાં આજે કમોસમી વરસાદને લઈ મુખ્યમંત્રીએ યોજેલી વિડીયો કોન્ફરન્સને પગલે કલેકટર કચેરી ચાલુ રહી હતી.
- ચિલોડા પંથકમાં થયેલા વરસાદથી ઘઉંના પાકને વ્યાપક નુકશાનનો ભય ખેડૂત આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં પાણીનો વેડફાટ કરતા લોકો સામે પગલાં લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં મચ્છરોની ડેનસીટી પણ વધેલી જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લા અને શહેરમાં રોજના સરેરાશ ૧૦૦ જેટલા કોરોનાના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.
- સ્વાઈન ફ્લુના કેસો ખાનગી હોસ્પિટલમાં નોંધાઈ રહ્યા હોવાથી નગરજનોમાં ચિંતા પ્રસરેલી જોવા મળી રહી છે.
- જિલ્લાના બે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોમાં ક્વોલીટી એસ્યોરન્સની ટીમે તપાસ કરી હતી. બે અધિકારીઓની ટીમ જિલ્લામાં તપાસ માટે આવી હતી.